વડોદરા મંડળમાં મંડળ રેલ ઉપભોક્તા સલાહકાર સમિતિની બેઠક યોજાઈ



અમદાવાદ, પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના પ્રતાપનગર સ્થિત મંડળ રેલ કાર્યાલય ખાતે મંડળ રેલ ઉપભોક્તા સલાહકાર સમિતિ (DRUCC)ની બેઠકનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. બેઠકની શરૂઆતમાં સમિતિના સચિવ તથા વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી નરેન્દ્ર કુમારે તમામ માનનીય સભ્યોનું સ્વાગત કર્યું. ત્યારબાદ સમિતિના અધ્યક્ષ તથા મંડળ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકેએ મંડળની મુખ્ય સિદ્ધિઓ તેમજ મુસાફરોને ઉપલબ્ધ કરાવવામાં આવી રહેલી સુવિધાઓ અંગે સભ્યોને વિગતવાર માહિતગાર કર્યા. બેઠક દરમિયાન સમિતિના સભ્યોએ પોતાના-પોતાના વિસ્તારોને લગતી રેલવે સમસ્યાઓ, નવી ટ્રેનોના સંચાલન, ટ્રેનોના સ્ટોપેજમાં વધારો, ટ્રેનોના વિસ્તરણ, ડબલ ટ્રેક સહિત વિવિધ રેલવે પરિયોજનાઓને વહેલી તકે પૂર્ણ કરવા તેમજ મંડળના સ્ટેશનો પર વધુ સારી મુસાફર સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે પોતાના અમૂલ્ય સૂચનો રજૂ કર્યા. મંડળ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકેએ તમામ સભ્યોનું સ્વાગત કર્યું અને તેમના રચનાત્મક સૂચનો બદલ આભાર વ્યક્ત કર્યો, જે રેલવે માટે હંમેશા લાભદાયી હોય છે.

વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી નરેન્દ્ર કુમારે ચોમાસા દરમિયાન ભારે વરસાદને કારણે ટ્રેન વ્યવહાર પ્રભાવિત થવા પર તમામ સભ્યો દ્વારા મુસાફરો માટે ભોજન, ચા વગેરેની વ્યવસ્થા કરવામાં આવેલી કામગીરીની વિશેષ પ્રશંસા કરી. મુસાફરો સાથે આ રીતે માનવતાનું ઉદાહરણ રજૂ કરીને જોડાણ સ્થાપિત કરવા બદલ વડોદરા મંડળ તરફથી આભાર વ્યક્ત કર્યો. આ પ્રસંગે સમિતિના માનનીય સભ્યોમાં સવશ્રી નિયમ રજનીકાંત દેસાઈ, શ્રી ભરત આર. ગુપ્તા, શ્રી નીલેશકુમાર પટેલ, શ્રી દિલીપ વી. કોઠારી, શ્રી વંદનકુમાર બી. પંડ્યા, શ્રી ઓમકારનાથ તિવારી, શ્રી એમ. હબીબ લોખંડવાલા, શ્રી ઈન્દ્રવદન એસ. જોશી, શ્રી વ્યાસ મિતલભાઈ કોશિકભાઈ, શ્રી અતુલકુમાર એમ. બ્રહ્મભટ્ટ, શ્રી રાકેશચંદ્ર વી. વ્યાસ અને શ્રી અનિલકુમાર શર્મા ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન વડોદરા મંડળના અપર મંડળ રેલ પ્રબંધક શ્રી નીરજ ધમીજા સહિત વિવિધ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

સામાખ્યાલી–ભચાઉ વચ્ચે નવનિર્મિત ત્રીજી અને ચોથી રેલ લાઈનનું રેલ સંરક્ષા આયુક્ત (પશ્ચિમ સર્કલ) દ્વારા સંરક્ષા નિરીક્ષણ સંમપન્ન

અમદાવાદ, પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના સામાખ્યાલી–ગાંધીધામ ચૌહરીકરણ (ક્વાડ્રુપલિંગ) યોજના અંતર્ગત સામાખ્યાલી – ભચાઉ રેલખંડ પર નવનિર્મિત ત્રીજી અને ચોથી રેલવે લાઈનનું રેલ સંરક્ષા (પશ્ચિમ સર્કલ) શ્રી ઈ. શ્રીનિવાસ દ્વારા વિગતવાર સંરક્ષા નિરીક્ષણ કરવામાં આવ્યું. આ દરમ્યાન મંડળ રેલ પ્રબંધક (અમદાવાદ) શ્રી વેદ પ્રકાશ તથા મુખ્ય વહીવટી અધિકારી (નિર્માણ) શ્રી પ્રદીપ ગુપ્તા સહિત નિર્માણ અને ઓપન લાઈન વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા. સામાખ્યાલી–ભચાઉ નવ-નિર્મિત ત્રીજી અને ચોથી રેલવે લાઈન પર પ્રથમ વખત ઈલેક્ટ્રિક લોકોમોટિવ (એન્જિન) અને ઑબ્ઝર્વેશન કાર સાથે ૧૩૦ કિમી પ્રતિ કલાકની ઝડપે સફળ સ્પીડ ટ્રાયલ હાથ ધરવામાં આવ્યો. આ ટ્રાયલ સુરક્ષિત, ઝડપી અને કાર્યક્ષમ રેલ સંચાલનની દિશામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન સમાન છે.

આ સુરક્ષા નિરીક્ષણ આ રેલવે લાઈનો પર યાત્રી ટ્રેન સેવાઓના શુંભારંભ ની દિશામાં એક મહત્વપૂર્ણ અને તકનીકી તબક્કું છે. અંતિમ સંરક્ષા મંજૂરી પ્રાપ્ત થયા બાદ આ રેલખંડ પર મુસાફર ટ્રેન સેવાઓનું સંચાલન શરૂ કરવામાં આવશે.

સઘન તકનીકી અને સંરક્ષા નિરીક્ષણ

મોટર ટ્રોલી દ્વારા નિરીક્ષણ: નિરીક્ષણના પ્રથમ દિવસે રેલ સંરક્ષા આયુક્તે સામાખ્યાલી થી ભચાઉ સુધી તથા બીજા દિવસે ભચાઉથી સામાખ્યાલી સુધી મોટર ટ્રોલી દ્વારા વિગતવાર સંરક્ષા નિરીક્ષણ કર્યું. આ દરમિયાન નવી રેલવે લાઈનની ગુણવત્તા, ટ્રેક જ્યોમેટ્રી, રેલ વેલ્ડિંગ, સમપાર ફાટકો (લેવલ ક્રોસિંગ), સિગ્નલ અને દૂરસંચાર પ્રણાલી, ઓવરહેડ ઈલેક્ટ્રિકલ ઉપકરણો (ઑઈ), રેલ સંરક્ષા ધોરણો તેમજ સંચાલન સંબંધિત વ્યવસ્થાઓની તપાસ કરવામાં આવી. ઉપરાંત કર્વ સંખ્યા ૬૩૧, સમપાર ફાટક (નં.) સંખ્યા ૨૦૩, ૨૦૩, ૨૦૫ અને ૨૦૬ તેમજ બ્રિજ સંખ્યા ૨૫૪, ૨૬૧ અને ૨૬૧છનું પણ સઘન નિરીક્ષણ કરવામાં આવ્યું.

સ્ટેશન અને યાર્ડનું નિરીક્ષણ: રેલ સંરક્ષા આયુક્તે સામાખ્યાલી રેલવે સ્ટેશનના યાર્ડ, સંચાલન વ્યવસ્થા, સિગ્નલિંગ સિસ્ટમ, ઈન્ટરલોકિંગ, પોઈન્ટ મશીનો તેમજ ઉપલબ્ધ સંરક્ષા ઉપકરણોનું સઘન નિરીક્ષણ કર્યું.

● વોંધ સ્ટેશન નિરીક્ષણ: વોંધ રેલવે સ્ટેશનનું વિગતવાર નિરીક્ષણ કરવામાં આવ્યું .સ્ટેશનની સંચાલન ક્ષમતા, યાર્ડની રચના, સિગ્નલિંગ વ્યવસ્થા, યાત્રી સુવિધાઓ તેમજ સંરક્ષા સંબંધિત વ્યવસ્થાઓનું અવલોકન કરવામાં આવ્યું અને સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન તથા સૂચનાઓ આપવામાં આવી.


● સીઆરએસ અને ડીઆરએમનું સ્વાગત: નવ-નિર્મિત વોંધ રેલવે સ્ટેશન પર રેલવે સંરક્ષા આયુક્ત (પશ્ચિમ સર્કલ) શ્રી ઈ. શ્રીનિવાસ તથા મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશનું ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સ, ગાંધીધામના પ્રતિનિધિમંડળ દ્વારા પુષ્પગુચ્છ અર્પણ કરી ઉષ્માભર્યું સ્વાગત અને અભિનંદન કરવામાં આવ્યું.

આ પ્રસંગે પ્રતિનિધિમંડળે વિસ્તારમાં રેલવે માળખાકીય સુવિધાઓના ઝડપી વિકાસ, અમૃત ભારત સ્ટેશન યોજના અંતર્ગત આધુનિક યાત્રી સુવિધાઓના નિર્માણ તથા સામાખ્યાલી–ભચાઉ ચૌહરીકરણના સફળ અમલીકરણ માટે ભારતીય રેલવેના પ્રયાસોની પ્રશંસા કરી. પ્રતિનિધિઓએ જણાવ્યું કે, આ પ્રોજેક્ટ્સથી કચ્છ વિસ્તારમાં રેલ સંપર્ક વધુ મજબૂત બનશે, માલ અને યાત્રી પરિવહનને નવી ગતિ મળશે તેમજ વિસ્તારના વેપાર, ઉદ્યોગ અને પર્યટન ક્ષેત્રને મહત્વપૂર્ણ પ્રોત્સાહન મળશે.

નિરીક્ષણ દરમિયાન મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે એક સમપાર ફાટક પર સ્થાનિક નાગરિકો સાથે સંવાદ કર્યો. નાગરિકો દ્વારા સમપાર ફાટક બંધ રહેવાના કારણે થતી અસુવિધાઓ તથા વધુ રાહ જોવાના સમયની સમસ્યા અંગે માહિતગાર કરવામાં આવ્યા. આ અંગે મંડળ રેલ પ્રબંધકે અધિકારીઓને જનહિતમાં આ સમસ્યાના ઝડપી અને વ્યવહારુ ઉકેલ માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવા સૂચનાઓ આપી.







પ્રોજેક્ટના મુખ્ય લાભો

પશ્ચિમ રેલવે પોતાના રેલ નેટવર્કને વધુ સક્ષમ, સુરક્ષિત અને ભવિષ્યની જરૂરિયાતોને અનુરૂપ વિકસાવવા માટે સતત કાર્યરત છે. અમદાવાદ મંડળના સામાખ્યાલી – ભચાઉ રેલખંડ પર ચૌહરીકરણ (ફોર-લાઈન) પ્રોજેક્ટનું પૂર્ણ થવું કચ્છ વિસ્તારમાં વધતા રેલ ટ્રાફિકના દબાણને ઘટાડવા તેમજ બંદર આધારિત માલ પરિવહનને વધુ ઝડપી, સુરક્ષિત અને સુગમ બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે.

૧. બંદર આધારિત માલ પરિવહનને મળશે વેગ

સામાખ્યાળી–ભચાઉ રેલખંડ કચ્છના ઔદ્યોગિક વિસ્તારો તેમજ કંડલા અને મુન્દ્રા બંદરોને દેશના મુખ્ય રેલ નેટવર્ક સાથે જોડતો એક મહત્વપૂર્ણ રેલ માર્ગ છે. આ જ રેલખંડ મારફતે ભુજ, ગાંધીધામ, વાયોર તથા આસપાસના વિસ્તારોમાં માલ પરિવહનનું સંચાલન કરવામાં આવે છે.

૨. લાઈન ક્ષમતામાં થશે નોંધપાત્ર વધારો

અમદાવાદ મંડળનો સૌથી વધુ ગ્રોસ મિલિયન ટન (જ્રૂ) ટ્રાફિક આ જ રેલખંડ પરથી સંચાલિત થાય છે. ચાર રેલવે લાઈનોના સંચાલનથી આ માર્ગની વહન ક્ષમતામાં નોંધપાત્ર વધારો થશે, જેના પરિણામે યાત્રી અને માલગાડીઓનું સંચાલન વધુ સુચારુ, સમયબદ્ધ અને સુરક્ષિત રીતે થઈ શકશે.

૩. લોજિસ્ટિક ખર્ચમાં આવશે ઘટાડો

કંડલા અને મુન્દ્રા બંદરો પરથી કન્ટેનર, પેટ્રોલિયમ ઉત્પાદનો, ખાતર, અનાજ, મીઠું સહિત વિવિધ ચીજવસ્તુઓના પરિવહનને નવી ગતિ મળશે. માલગાડીઓનો ટર્નઅરાઉન્ડ સમય ઘટવાથી લોજિસ્ટિક ખર્ચમાં ઘટાડો થશે તેમજ સપ્લાય ચેઈન વધુ કાર્યક્ષમ બનશે.

૪. ઉદ્યોગ, વેપાર અને રોકાણને મળશે પ્રોત્સાહન

આ પ્રોજેક્ટ કચ્છ વિસ્તારના ઔદ્યોગિક વિકાસને નવી ગતિ આપવાની સાથે વેપાર, પર્યટન, રોજગારની તકો તેમજ નવા રોકાણને પણ પ્રોત્સાહન આપશે. આ સાથે વિસ્તારની સમગ્ર આર્થિક પ્રગતિ તથા રાષ્ટ્રીય રેલ નેટવર્કની સંચાલન ક્ષમતાને પણ વધુ મજબૂતી મળશે.

ભારે વરસાદની સ્થિતિ વચ્ચે ગુજરાત સરકારનું આરોગ્ય તંત્ર એલર્ટ મોડ પર: યુદ્ધના ધોરણે કામગીરી

● ૨૪/૭ કંટ્રોલ રૂમ, ૧૮,૦૦૦થી વધુ સર્વેલન્સ ટીમ અને ૪૯૭ વધારાની વેક્ટર કંટ્રોલ ટીમ ક્ષેત્રિય કામગીરીમાં તૈનાત
● ૬,૮૬૮ મેડિકલ કેમ્પ દ્વારા ૧.૭૪ લાખથી વધુ નાગરિકોને સ્થળ પર જ સારવાર પૂરી પાડવામાં આવી
● પૂરગ્રસ્ત વિસ્તારોમાંથી ૬૭૫ સગર્ભા માતાઓનું સુરક્ષિત સ્થાનો પર સ્થળાંતર, જેમાંથી ૨૭૨ સફળ સંસ્થાગત પ્રસૂતિઓ કરાવવામાં આવી
● વલસાડ, સુરત, નવસારી અને તાપી જિલ્લાના ૫૬૨ ગામોમાં ૭.૬૧ લાખથી વધુ લોકોને લેપ્ટોસ્પાયરોસીસ વિરોધી કેમોપ્રોફાયલેક્સિસનું વિતરણ



ગાંધીનગર એચ.ઓ

રાજ્યમાં તાજેતરમાં જ સર્જાયેલી ભારે વરસાદની આફત વચ્ચે ગુજરાત સરકારના આરોગ્ય વિભાગે સમયસૂચકતા અને પૂર્વ આયોજન સાથે સક્રિય કામગીરી કરી છે. ચોમાસા પહેલા અને ચોમાસા દરમિયાન રાજ્યના ૩૪ જિલ્લાઓ અને ૮ મહાનગરપાલિકાઓ માટે મોનસૂન એક્શન પ્લાન તૈયાર કરી તેને અમલી બનાવવામાં આવ્યો હતો. જેના પરિણામે, રાજ્યમાં પૂર અને અતિવૃષ્ટિ જેવી પરિસ્થિતિ છતાં પણ આરોગ્ય વિષયક કોઈ આકસ્મિક કટોકટી સર્જાઈ નથી અને રોગચાળો મહદંશે નિયંત્રણ હેઠળ રહ્યો છે. આરોગ્ય વિભાગ દ્વારા રાજ્યમાં ભારે વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોમાંથી સુરક્ષિત સ્થળે ખસેડાયેલા લોકોનું રીલીફ કેમ્પમાં નિયમિત મેડિકલ ચેક-અપ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ભારે વરસાદથી પ્રભાવિત અને પૂરગ્રસ્ત વિસ્તારોમાંથી ૬૭૫ સગર્ભા માતાઓનું અગાઉથી જ સલામત આરોગ્ય સંસ્થાઓમાં સ્થળાંતર કરવામાં આવ્યું હતું, જેમાંથી ૨૭૨ સગર્ભા માતાઓની સફળ સંસ્થાગત પ્રસૂતિઓ કરાવવામાં આવી છે. રાજ્ય, ૩૪ જિલ્લાઓ અને ૮ મહાનગરપાલિકાઓમાં ૨૪૮૭ આરોગ્ય કંટ્રોલ રૂમ કાર્યરત કરવામાં આવ્યા છે. રાજ્ય, જિલ્લા અને તાલુકા કક્ષાએ રેપિડ રિસ્પોન્સ ટીમો તેમજ દરેક જિલ્લામાં વાહન અને સ્ટાફ સાથેની વધારાની ૫ ઈમરજન્સી મેડિકલ ટીમો પણ સજ્જ રાખવામાં આવી હતી. કટોકટીની સ્થિતિ પહોંચી વળવા ૧,૪૯૬ - ૧૦૮ એમ્બ્યુલન્સ, 816 PHC/CHC એમ્બ્યુલન્સ તેમજ PHC/CHC ખાતે જનરેટર અને પૂરતો ડીઝલ સ્ટોક ઉપલબ્ધ રખાયો છે. વરસાદ પ્રભાવિત વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા રોગચાળા નિયંત્રણ માટે કુલ ૬,૮૬૮ મેડિકલ કેમ્પ યોજીને ૧.૭૪ લાખથી વધુ દર્દીઓનું આરોગ્ય તપાસીને સ્થળ પર જ જરૂરી સારવાર આપવામાં આવી હતી. વરસાદ બાદ રોગચાળો ન ફેલાય તે માટે ૧૮,૦૦૦થી વધુ સર્વેલન્સ ટીમ દ્વારા દૈનિક ઘરે-ઘરે સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું છે. આ ટીમો દ્વારા ૧.૦૫ કરોડથી વધુ ક્લોરીન ટેબ્લેટ્સ અને ૧૦.૨૯ લાખથી વધુ ORS પેકેટ્સનું વિતરણ કરવામાં આવ્યું છે. પીવાના પાણીની ગુણવત્તા જાળવવા ૧૦.૫૨ લાખથી વધુ રેસિડ્યુઅલ ક્લોરીન ટેસ્ટ કરવામાં આવ્યા છે અને પાણીની પાઈપલાઈનમાં પડેલા ૩,૦૬૧થી વધુ લીકેજનું યુદ્ધના ધોરણે સમારકામ પૂર્ણ કરવામાં આવ્યું છે. કટોકટીની કોઈપણ સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા તમામ આરોગ્ય સંસ્થાઓ ખાતે ૧.૫ કરોડથી વધુ ક્લોરીન ટેબ્લેટ્સ, ૬૦ લાખથી વધુ ORS તેમજ ૧,૩૮,૨૩૪ એન્ટી સ્નેક વેનમ (ASV) ઈન્જેક્શનનો પૂરતો જથ્થો ઉપલબ્ધ કરાવવામાં આવ્યો છે.

ગુજરાત રાજ્યમાં ઉંદરો પકડવા માટેના 'ગ્લુ ટ્રેપ – સ્ટીકી બોર્ડ્સ'ના ઉત્પાદન, વેચાણ, સંગ્રહ અને ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ

ગાંધીનગર એચ.ઓ

ગુજરાત સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તાજેતરના ઠરાવ અનુસાર સમગ્ર રાજ્યમાં ઉંદર તેમજ અન્ય નાના જીવોને પકડવા માટે વપરાતા ગ્લુ ટ્રેપ અથવા સ્ટીકી બોર્ડ્સના ઉત્પાદન, વેચાણ, સંગ્રહ અને ઉપયોગ પર તાત્કાલિક અસરથી સંપૂર્ણ પ્રતિબંધ મૂક્વામાં આવ્યો છે. ગ્લુ ટ્રેપ પર ખૂબ જ મજબૂત અને ન સુકાતું ગુંદર લગાડેલું હોય છે. જ્યારે કોઈ પ્રાણી કે પક્ષી તેના પર ચોંટી જાય છે, ત્યારે તે પોતાને છોડાવવાના પ્રયાસમાં ગંભીર રીતે ઘવાય છે. પ્રાણીઓ ભૂખ, તરસ, ગૂંગળામણ અથવા પોતાના જ અંગો ઈજાગ્રસ્ત થવાથી અત્યંત વેદનાદાયક રીતે તડપી-તડપીને મૃત્યુ પામે છે. આ પ્રક્રિયા 'પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ એક્ટ, ૧૯૬૦'ની કલમ ૧૧(૧) નો સીધો ભંગ કરે છે. આ ઉપરાંત ભારતીય પ્રાણી કલ્યાણ બોર્ડની માર્ગદર્શિકાઓ મુજબ પણ આ પદ્ધતિ અત્યંત અમાનવીય અને ગેરકાનૂની છે.

વડોદરા નજીક જાંબુઆ બ્રિજ ઉપર મગરની લટાર : લોકોએ પણ મગર પાસેથી અવરજવર કરી



વડોદરા,

વડોદરામાં મગરો જાહેર માર્ગો પર દેખાવવાના બનાવો સામાન્ય બન્યા છે. આજે સવારે જાંબુવા બ્રિજ પર ૯ ફૂટનો એક મગર બિન્દાસ્ત ટહેલતો જોવા મળ્યો હતો. શરૂઆતમાં વાહનચાલકો ગભરાયા હતા, પરંતુ મગર પોતાની મસ્તીમાં હોવાથી લોકોનો ડર ઓછો થયો હતો. ફોરેસ્ટ અને જીવદયા કાર્યકરોએ આવી મગરને નદીમાં ઉતારવાના પ્રયાસો કર્યા હતા.

વડોદરામાં મગરો જાહેર માર્ગો અને રહેણાંક વિસ્તારોમાં આવી જવાના બનાવો હવે સામાન્ય બની રહ્યા છે. પરિણામે મગરો અને લોકોમાં વચ્ચેનો ડર ધીમે ધીમે ઓસરતો હોય તેમ લાગે છે.

પોર બળીયાદેવ મંદિર પાસે પાછળ ગ્રીલમાં ફસાયેલા મગરનું રેસ્ક્યુ કરાયા બાદ હવે આજે સવારે વડોદરા પાસેના જાંબુવા બ્રિજ ઉપર મગર બિન્દાસ્ત ટહેલતો જોવા મળ્યો હતો. શરૂઆતમાં વાહન ચાલકોમાં થોડો ગભરાટ જોવા મળ્યો હતો પરંતુ મગર પોતાની મસ્તીમાં બ્રિજ પર ચાલતો હોવાથી લોકોનો ડર થોડો ઓછો થયો હતો અને મગરથી ૧૦ ફૂટ દૂર વાહન વ્યવહાર જોવા મળ્યો હતો.

બનાવની જાણ ફોરેસ્ટ તેમજ જીવદયા કાર્યકરોને કરાતા ટીમ આવી ગઈ હતી. પ્રથમ દ્રષ્ટિએ મગરે કુતરા કે ભૂંડનો શિકાર કર્યો હોય કેમ લાગી રહ્યું હતું. જેથી નવેક ફૂટના મગરને લાકડી વડે આગળ ખસેડીને નદીમાં ઉતારવા માટે પ્રયાસ શરૂ કરાયો હતો. જે કામગીરી જોવા લોકોના ટોળાં ઉમટ્યા હતા.



શ્રી મેટલોક્સ લિમિટેડ

(CIN: L67120GJ1994PLC023471)
રજીસ્ટર્ડ ઓફિસ : 103, સન સ્કવેર, ક્લાસિક ગોલ્ડ હોટેલ પાસે, ઑફ. સી.જી.રોડ, અમદાવાદ, ગુજરાત - 380009, ભારત,
સંપર્ક વિગતો : +91 79 26442297, ઈમેલ : shreemetalloys.ahd@gmail.com, વેબસાઈટ : www.shreemetalloys.com

સૂચના

આથી **સૂચના** આપવામાં આવે છે કે સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના રેગ્યુલેશન ૨૯ અને રેગ્યુલેશન ૪૭ અનુસાર, કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મીટિંગ **શુક્રવાર, 14 ઑગસ્ટ 2026** ના રોજ કંપનીના રજિસ્ટર્ડ ઓફિસ ખાતે યોજાશે, જેમાં **30 જૂન, 2026** ના રોજના ક્વાર્ટર માટે કંપનીના અન-ઓડિટેડ નાણાકીય પરિણામો પર વિચારણા અને મંજૂરી આપવામાં આવશે અને બોર્ડ મીટિંગ નોટિસમાં ઉલ્લેખિત અન્ય વ્યવસાયો હાથ ધરવામાં આવશે.

આ નોટિસ કંપનીની વેબસાઇટ www.shreemetalloys.com પર અને સ્ટોક એક્સચેન્જની વેબસાઇટ જ્યાં કંપનીના શેર લિસ્ટેડ છે એટલે કે www.bseindia.com પર પણ ઉપલબ્ધ છે.

બોર્ડના આદેશ દ્વારા
SD/-
રિહાના કુણાલ અડવાણી
કંપની સચિવ
(મો.નં.: A52819)

સ્થળ : અમદાવાદ
તારીખ : 07/08/2026

ભૌતિક કબ્જા નોટીસ

ICICI Bank શાખાનું સરનામું : આઈસીઆઈસીઆઈ બેંક લિ., ઓફિસ નં.૨૦૧-બી, બીજો માળ, રોડ નં.૧ પ્લોટ નં.બી.૩, વાઈફાઈ આઈટી પાર્ક, વાગલે ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, થાણે (વેસ્ટ)-૪૦૦૬૦૪.

આથી સિક્યુરીટાઈઝેશન રિકંસ્ટ્રક્શન ફાઈનાન્સ એસેટ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ ૨૦૦૨ની કલમ ૧૩ (૧૨) તેની સાથે અનુચ્છેદ ૩ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ અહી નીચે સહી કરનાર આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડના સત્તાધાર અધિકારીએ નીચે જણાવેલ લોકોને માંગણા નોટીસ આપી છે. આ નોટીસ આપ્યાથી ૬૦ દિવસની અંદર અહી દર્શાવેલા નાણા ભરી જવા જણાવવામાં આવે છે. કરજદારો નાણા ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આથી કરજદારો અને સામાન્ય જનતાની જાણ માટે નીચે જણાવેલા અધિકૃત અધિકારીએ અહી જણાવેલી મિલ્કતનો ભૌતિક કબ્જો લીધો છે જે કલમ ૧૩ (૪) અનુચ્છેદ ૮ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ કાર્યવાહી કરી છે. કરજદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ પાસે આ મિલ્કત ટાંચમાં હોય કરજદારોએ અને સામાન્ય જનતાએ ટાંચમાં લીધેલ મિલ્કતો સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં.

ક્રમ નં.	દેવાદારોનું નામ / લોનનો ખાતા નંબર	મિલકતોની વિગતો / ભૌતિક કબ્જાની તારીખ	ડિમાન્ડ નોટીસની તારીખ / ડિમાન્ડ નોટીસમાંની રકમ(રૂા)	શાખાનું નામ
	અંકિતા અભિષેક ધોળાવાલા/ અભિષેક એમ ડોલવાલા - LBSUR00004145202	ફ્લેટ નં.સી/૧૩૦૨, ૧૩મો માળ, બિલ્ડીંગ નં.સી, વામા એપેક્સ, સર્વે નં.૧૭૯/૧, બ્લોક નં.૨૩૮, ટી.પી.એસ. નં.૩૭ (અલથાન દક્ષિણ), એફ.પી. નં.૧૦૦, મોજે-અલથાન, નેસ્ટ વ્યૂ પાસે, ગુજરાત, સુરત-	October 15, 2025 Rs. 29,20,598.00/-	સુરત

ઉપર જણાવેલા કરજદાર(રો)/ જામીનદાર(રો)અહીં બાકી નાણાં પરત કરી જવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવેલ છે, જો નાણાં પરત કરવામાં નહીં આવે તો સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ની કલમ ૮ અને ૯ નીજોગવાઈ મુજબ જામીન તરીકે મુકેલી મિલ્કતો આ નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ દિવસ બાદ વેચી દેવામાં આવશે.

તારીખ : ઓગસ્ટ ૦૮, ૨૦૨૬
સ્થળ : સુરત

નિષ્ઠાવાન અધિકૃત સહીકર્તા,
આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ માટે